# નિસર્ગ સાયન્સ સૅન્ટર ખાતે યોજાઈ વિશાળ બાળ વૈજ્ઞાનિક સંસદ



ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી પ્રેરિત નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના ઉપક્રમે ભારતના પનોતા પુત્ર અને અવકાશ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે 'બાળ વૈજ્ઞાનિક સંસદ' નામે રસપ્રદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિસર્ગ સાયન્સ સૅન્ટર ખાતે આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૫થી ૧૦માં અભ્યાસ કરતા જુદી જુદી સ્કૂલના વિદ્યાર્થીઓએ અલગ-અલગ વૈજ્ઞાનિકોની વેશભૂષા ધરીને આ વૈજ્ઞાનિકોનાં જીવન-કાર્ય અંગેની માહિતી પૂરી પાડી હતી. ૪૯ વિદ્યાર્થીઓએ આ અનોખા કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે બાયસૅગ સ્ટુડિયોના વૈજ્ઞાનિક પારૂબેન ઠક્કર, પત્રકાર-અભિનેતા નીતિન પટેલ તથા પત્રકાર અને નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટૅન્ડિંગ કમિટીના ચૅરમેન દેવેન્દ્રસિંહ બિહોલા અને ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. વિક્રમ સારાભાઈ, એપીજે અબ્દુલકલામ, સ્ટીફન હોકિંગ્સ, હોમી ભાભા, કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ્સ, થૉમસ આલ્વા ઍડિસન, આન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિકોને વિદ્યાર્થીઓએ પોતાની વેશભૂષા અને રજૂઆતથી જીવંત કરી દીધા હતા. પ્રથમ ક્રમે યાચનાબા રાણા (આઈઝેક ન્યૂટન), દ્વિતીય ક્રમે પ્રાયોશા પરમાર (સત્યેન્દ્ર બોઝ) અને તૃતિયા ક્રમે મેશ્વા પટેલ (સુનીતા વિલિયમ્સ) વિજેતા બન્યાં હતાં. ઉપરાંત બે પ્રોત્સાહક ઈનામ દૃષ્ટિ રાઈ (આઈન્સ્ટાઈન) અને વૃષ્ટિ પટેલ (મૅરી ક્યુરી)ના ફાળે ગયાં હતાં. પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે રૂા. ૫૦૦, ૩૦૦, ૨૦૦નું રોકડ ઈનામ, પ્રમાણપત્ર અને પૅન આપવામાં આવી હતી. ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર અને પૅન આપવામાં આવી હતી. પ્રોત્સાહક ઈનામ મેળવનાર વિદ્યાર્થીઓને રૂા. ૧૦૦નું રોકડ ઈનામ, પ્રમાણપત્ર અને પૅન પ્રાપ્ત થઈ હતી. સ્પર્ધા બાદ બાળ વૈજ્ઞાનિકો, અતિથિઓ અને નિર્ણાયકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સૅન્ટરના હાર્દિક મકવાણા અને શિવાંગ દવે દ્વારા સક્રિય સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.



ગાંધીનગર, તા. ૧૨

શ્રીમતી કે કે પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે તાજેતરમાં વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો.

જિલ્લા શિક્ષણાધિકારી ભરતસિંહ વઢેર, જિલ્લા શિક્ષણ નિરીક્ષક, શાળા મંડળના પ્રમુખ, મંત્રી અને ટ્રસ્ટીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

કેજીથી ધોરણ-૧૨ના ૬૦ જેટલા તેજસ્વી તારલાઓને ઈનામો આપી બિરદાવવામાં આવ્યા હતા, સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સૌએ સાથે મળીને વૃક્ષારોપણ પણ કર્યું હતું અને પાણી બચાવવા માટે પ્રતિજ્ઞા પણ ગ્રહણ કરી હતી.

### શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, ગાંધીનગરના સ્થાપક અને પ્રણેતા

## શ્રી હરિપ્રકાશ સ્વામીનો ૯૧મો જન્મદિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૨

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, ગાંધીનગરના સ્થાપક અને પ્રણેતા શ્રી હરિપ્રકાશ સ્વામીના ૯૧મા જન્મદિન નિમિત્તે સંસ્થામાં સામાજિક કાર્યો કરવામાં આવ્યાં હતાં. મૅડિકલ કૅમ્પમાં આંખ અને દાંતના નિષ્ણાતો દ્વારા વિનામૂલ્યે તપાસ કરવામાં આવી હતી. રક્તદાન શિબિરમાં લાયન્સ ક્લબ, ગાંધીનગર દ્વારા સેવા આપવામાં આવી હતી. ૫૦૦થી વધુ સ્ટાફજનો દ્વારા સ્વામીજીનું ગુરૂપૂજન શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવ્યું હતું. સંસ્કૃતના શ્લોકો સાથે ૧૧થી વધુ બાળકોએ પુષ્પવર્ષાથી સ્વામીજીનું પૂજન કર્યું હતું. પંચદેવ મંદિરના ફુલશંકર શાસ્ત્રી, લોકડાયરાના ખ્યાત કલાકાર ભીખુદાન ગઢવી અને ગાયક જિજ્ઞેશ કવિરાજ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ઍસઍસઆઈટી, ભાટ દ્વારા નિર્મિત વર્ચ્યુઅલ દિપ પ્રાગટ્ય ઈન્ટરનેટના માધ્યમથી કરવામાં આવ્યું હતું. પોલીટૅકનીકના સ્ટાફ દ્વારા સોલાર ઊર્જા સંચાલિત કાર સ્વામીજીને અર્પણ કરવામાં આવી હતી. ગુરુકુળ પરિવાર દ્વારા ફૂલ અને મોતીના હાર અર્પણ કરી સ્વામીજીના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

### જન્મદિને વધામણી



મંથન ભટ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ



ભગવતીપ્રસાદ રાવલ



જય પવાર
મો. ૯૪૦૮૦ ૨૬૫૧૬

### 'સર્જક સાથે એક સાંજ'માં કવિઓ ખીલી ઉઠ્યા

## 'આવો ને ક્યારેક' એવું કહેવું ને જાઓ ત્યારે ઘરે ના રહેવું



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સર્જક સાથે એક સાંજ કાર્યક્રમ અંતર્ગત જાણીતા પત્રકાર, લેખક, કવિ, વાર્તાકાર ડૉ. દિનેશ દેસાઈ આમંત્રિત હતા. સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉએ પુસ્તક અને ઉપાધ્યક્ષ સંજય થોરાતે પુષ્પગુચ્છ આપી એમનું સન્માન કર્યું હતું. મંત્રી કલ્પેશ પટેલે એમનો સવિસ્તર પરિચય આપ્યો હતો.

અબીલ જેવો છું,
ગુલાલ જેવો છું,
કરો તિલક શુભ-લાભ,
ભાલ જેવો છું.

સર્જક ડૉ. દિનેશ દેસાઈએ એમની લઘુવાર્તાના પઠન દ્વારા વાતની શરૂઆત કરી અને સુંદર મઝાની ગઝલ સુધી તેઓ ખીલ્યા. સર્જકે એમની કારકિર્દી પત્રકાર તરીકે શરૂ કરી હતી. અત્યાર સુધીમાં એમનાં ૮૪ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે, જે પૈકી ૨૮ પુસ્તકો નરેન્દ્ર મોદી અંગેનાં છે. એમનાં સર્જનની પ્રસ્તુતિ બાદની પ્રશ્નોત્તરીમાં સર્જકે ખુલ્લા દિલે એમના પુછાયેલા પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

સાહિત્યસભાના ભાવકો સહિત અનેક સાહિત્યપ્રેમીઓ યુથ હૉસ્ટેલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમને માણવા માટે ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી સ્વામીનારાયણ હાઈસ્કૂલ અને હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાઓ' વિષયે સુંદર નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. બાળકોની પ્રભાવી પ્રસ્તુતિથી ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ખૂબ પ્રભાવિત થયા હતા અને તેમણે બાળકોની આ અસરકારક પ્રયાસ બદલ સરાહના કરી હતી.

## સાડા ત્રણ કરોડ પાઉન્ડનો કર

॥ બીજો મણકો ॥

જે અમલદર ભાગેલાઓને પરવાના આપતા તે જ ભલે બધાને આપે. પણ એશિયાવાસીને તેને શી ખબર પડે? જો આ નવા ખાતાની ભલામણથી જ એને પરવાનો મળે તો પેલા અમલદારની જવાબદારી ઓછી થાય ને તેના કામનો બોજો પણ કંઈક ઘટે, એવી દલીલ થઈ. હકીકત તો એ હતી કે, નવા ખાતાને કંઈક કામની ને કંઈક દામની જરૂર હતી. કામ ન હોયતો આ ખાતાની જરૂરિયાત સિદ્ધ ન થાય ને છેવટે તે નીકળી જાય. એટલે આ કામ સહેજે જડ્યું.

150 ગાંધીયાત્રા

આ ખાતાને હિંદી અરજી કરે. પછી ઘણે દિવસે જવાબ મળે. ટ્રાન્સવાલ જવા ઈચ્છનારા ઘણા, એટલે તેઅમ્ને સારુ દલાલો ઊભા થયા. આ દલાલો ને અમલદારો વચ્ચે ગરીબ હિંદીઓના હજારો રૂપિયા લૂંટાયા. મને કહેવામાં આવ્યું હતું કે વગ વિના પરવાનાની રજા મળતી જ નથી ને વગ છતામ્ કેટલીક વાર તો જણ દીઠ સો સો પાઉંડ જેટલો ખર્ચ થાય છે. આમં મારો પત્તો ક્યાં લાગે?

હું મારા જૂના મિત્ર ડરબનના પોલીસ સુઓપરિન્ટૅન્ડેન્ટને ત્યાં પહોંચ્યો ને તેમને કહ્યું, 'તમે અમારી ઓળખાન પરવાના અમલદારને આપો ને મને પરવાનો કઢાવી આપો. હું ત્રાન્સવાલમાં રહ્યો છું એ તો તમે જાણો છો.' તેઓ તરત માથે ટોપી ઘાલી મારી સાથે આવ્યા ને મારો પરવાનો કઢાવી આપ્યો. મારી ટ્રેનને ભાગ્યે જ એક કલાક બાકી હશે. મેં સામાન વગેરે તૈયાર રાખ્યું હતું. મિ. અલેક્ઝાંડરનો ઉપકાર માની હું પ્રિટોરિયા જવા ઉપડ્યો.

મુશ્કેલીઓનો ચિતાર મને ઠીક ઠીક આવી ગયો હતો. પ્રિટોરિયા પહોંચ્યો. અરજી ઘડી. ડરબનમાં પ્રતિનિધિઓનાં નામ કોઈને પૂછ્યાનું મને યાદ નથી. અહીં તો નવું ખતું ચાલતું હતું તેથી પ્રતિનિધિનાં નામ પહેલેથી પુછાયાં. મતલબ મને દૂર રાખવાની હતી એમ પ્રિટોરિયાના હિંદીઓને ખબર પડી ગઈ હતી.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા બાળસેવા



ગાંધીનગર, તા. ૧૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જીઈબી કૉલોની ખાતે કાર્યરત સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧થી ૪ના ૧૪૮ વિદ્યાર્થીઓને બિસ્કીટના પૅકેટ્સ તથા ધોરણ-૫થી ૮ના ૧૫૫ જેટલા વિદ્યાર્થીઓને પૅન્સિલ, રબર, સંચો, ફુટપટ્ટી તથા સ્કૅચ પૅનની ભેટ આપવામાં આવી હતી. દિપક અડાલજા દ્વારા પોતાના પિતાની તિથિ નિમિત્તે આ સેવાકાર્ય માટે સૌજન્ય પૂરું પાડવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી મુકેશભાઈ, ચેતનભાઈ, ભરતભાઈ અને મિલિન્દભાઈ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.